સ્ત્રી-પુરુષના બળાબળની મીમાંસા

[૩૪]

કોઈ કહે છે કે સ્ત્રીઓએ પુરુષોનું પૌરુષ હર્યું. બીજાઓ વળી કહે છે કે પુરુષોને લીધે જ સ્ત્રીઓ અબળા બની. આ બેમાં કોઈ એક જ કથન સાચું છે કે બન્ને સાચાં છે કે બન્ને ખોટાં છે એ પ્રશ્ન છે. એનો ઉત્તર મેળવવા ઇચ્છનારે વિશેષ ઊંડા ઊતરવું જોઈશે. વિકારનો વેગ માત્ર અમુક જાતિ સાથે સંબંધ નથી ધરાવતો. તેને તપાસવા આત્માની ભૂમિકાઓ ઉપર દૃષ્ટિપાત કરવો પડશે.

સ્ત્રી હોય કે પુરુષ, બન્નેમાં આત્મા સમાન છે. વાસનાના કૃત્રિમ વાતાવરણથી તેજ ખંડિત ન થયું હોય એવો જાગતો તેજસ્વી આત્મા સ્ત્રીના શરીરમાંયે હોઈ શકે અને પુરુષના શરીરમાંયે હોઈ શકે. કાવ્ય, કળા, વિદ્યા કે ધર્મના ભવ્ય સંસ્કારો માત્ર અમુક જાતિ સાથે સંકળાયેલા નથી હોતા. એ સંબંધમાં આલંકારિક રાજશેખર પોતાની કાવ્યમીમાંસામાં કહે છે કે, 'પુરુષની પેઠે સ્ત્રીઓ પણ કવિ થાય, કારણ કે સંસ્કાર એ આત્મા સાથે સંબંધ ધરાવે છે.' તે સ્ત્રી કે પુરુષ એવા વિભાગની અપેક્ષા નથી રાખતો. તે કહે છે કે, 'અનેક રાજપુત્રીઓ, મંત્રીપુત્રીઓ, ગણિકાઓ અને સ્ત્રીઓ શાસ્ત્રજ્ઞ અને કવિ તરીકે સંભળાય છે અને જોવામાં પણ આવે છે.'

સ્ત્રીજાતિના બળ અને શીલ વિશે શંકા ઉઠાવનારને ઉત્તર આપતાં સાહિત્યસ્વયંભૂ હેમચંદ્ર (પોતાના યોગશાસ્ત્રની ટીકામાં પૃ. ૨૦૮ થી) બહુ જ માર્મિક ભાષામાં વિસ્તારથી કહે છે કે સ્ત્રીઓ પુરુષોના જેટલી જ દાન, સંમાન અને વાત્સલ્યની પાત્ર છે, કારણ કે તેઓ પણ પુરુષ જેટલી જ યોગ્યતા ધરાવે છે. અમુક સ્ત્રીવ્યક્તિઓ યોગ્ય ન હોય કે દૂષિત હોય તે ઉપરથી આખી સ્ત્રીજાતિને બલ કે શીલહીન માનવામાં આવે તો પુરુષજાતિને પણ તેવી જ માનવી જોઈએ, કારણ કે અનેક પુરુષો પણ ક્રૂર, કૃતઘ્ન અને મૂર્ખ હોય છે. અનેક પુરુષો યોગ્ય પણ મળે છે, તેથી આખી પુરુષજાતિને અયોગ્ય કહી ન શકાય એવી દલીલ કરવામાં આવે તો તે દલીલ સ્ત્રીના વિષયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરખી જ લાગુ પડે છે, કારણ કે અનેક ત્યાગી અને ગૃહસ્થ સ્ત્રીઓ પુરુષ-વંદ્ય અને દેવવંદ્ય થઈ ગઈ છે.

વિદ્વાનોના એ અનુભવની સત્યતા સાબિત કરનાર અનેક પ્રાચીન આખ્યાનો આપણાં આર્યશાસ્ત્રમાં છે. અત્યારે અહીં એવાં કેટલાંક આખ્યાનો જોઈશું કે કોઈમાં પુરુષ અડોલ રહી સ્ત્રી તરફ નિર્વિકાર રહે છે અને કોઈમાં સ્ત્રી નિર્વિકાર રહી ઊલટી પડતા પુરુષને સ્થિર કરે છે.

પહેલું આખ્યાન હિંદુશાસ્ત્રમાં પ્રાચીનમાં પ્રાચીન ગણાતા ઋગ્વેદમાંનું છે, બીજાં બે આખ્યાનો જૈન આગમોમાંનાં છે અને બે આખ્યાનો બૌદ્ધ સાહિત્યમાંનાં છે. ઋગ્વેદના એ આખ્યાનમાં ભાઈ અને બહેનનો પ્રસંગ છે. બહેન યમી ભાઈ યમને પરણવા પ્રાર્થે છે. યમ એ અધર્મ માર્ગે જવાની ના પાડી પોતાની બહેનને અન્ય કોઈ તરુણ સાથે જોડાવા સમજાવે છે. બહેન બહુ લલચાવે છે, ધમકાવે છે ને શાપ પણ આપે છે, પરંતુ ભાઈ યમ પોતાના અખંડિત તેજોબળથી એ કશાની પરવા નથી કરતો ને પોતાના નિશ્ચયમાં મક્કમ રહે છે. આ આખ્યાનમાં પુરુષાત્માના જાજ્વલ્યમાન આત્મતેજનું અને સ્ત્રી-આત્માના વાસનારૂપ આવરણનું દર્શન થાય છે.

તેથી ઊલટો દાખલો જૈન આખ્યાનમાં છે. એમાં ભાઈ ભરત ચક્રવર્તી ઓરમાન બહેન સુંદરીને સ્ત્રીરત્ન બનાવવા ઇચ્છે છે. એ યુગ ભાઈ-બહેનના લગ્નનો હતો. એવાં લગ્નો ત્યારે સહજ હતાં. એમાં નિંદા કે તિરસ્કાર ન થતો, છતાં સુંદરીનો જાગરિત આત્મા ચક્રવર્તી ભાઈના વૈભવથી કે તેના મહત્ત્વથી ચલિત નથી થતો, ઊલટો અખંડ જ્યોતિની પેઠે વધારે તેજથી પ્રકાશે છે. એ સુંદરી પોતાના શારીરિક સૌન્દર્યને મોહનું સાધન સમજી શરીરને નિસ્તેજ બનાવવા અને તેનું બાહ્ય તેજ અંદર ઉતારી તેજસ્વી આત્માને વધારે તેજસ્વી બનાવવા તપનું અનુષ્ઠાન કરે છે. અતિ લાંબા વખત સુધી રસાસ્વાદ ત્યજી તે સુંદરી બહારથી જેટલી અસુંદર તેટલી જ અંદરથી સુંદરતમ બની તપને બળે ભાઈને સમજાવે છે અને તેની વાસના શમાવે છે. આ આખ્યાનમાં સ્ત્રીઆત્માનું અખંડ તેજ, પડતા પુરુષને ઉદ્ધરે છે.

ત્રીજા જૈન આખ્યાનમાં પણ એક કુમારી બ્રહ્મચારિણી અને સાધ્વી રાજપુત્રીના નિશ્ચલ બ્રહ્મચર્યનું દર્શન થાય છે. એ સાધ્વી વિકારવશ થતા એક સાધુને તેના ધ્યેયનું સ્મરણ આપી શાશ્વત અને માર્મિક ઉપદેશથી તેને સંયમમાં સ્થિર કરે છે, અને સ્ત્રી-કલેવરમાં વસતા આત્માનું કેટલું તેજ હોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે એનો દાખલો આપણી સામે રજૂ કરે છે. આ ત્રણે આખ્યાનો અનુક્રમે નીચે આપવામાં આવે છે.

ચોથું આખ્યાન બૌદ્ધ ભિખ્ખુણી ઉપ્પલવણ્ણા અને પાંચમું આખ્યાન બૌદ્ધ ભિખ્ખુણી ભદ્દા કાપિલાનીનું છે. અંતર્મુખ વૃત્તિની અલૌકિક ચંચુ વડે સહજ સુખનો આસ્વાદ લેવામાં નિમગ્ન એવી સમાહિતમના ઉપ્પલવણ્ણાનું સૌંદર્ય જોઈ ચલિત થયેલ માર (વિકારવૃત્તિ અથવા વિકારમૂર્તિ કોઈ પુરુષ) તેને બહિર્મુખ કરવા અને પોતા તરફ લલચાવવા પ્રયત્ન કરે છે, પરન્તુ એ ધીરમના ભિખ્ખુણીના અડોલપણા સામે છેવટે તે માર હાર ખાઈ ચાલ્યો જાય છે.

પાંચમા આખ્યાનમાં ભદ્દા કાપિલાની સ્ત્રીજાતિમાં સુલભ અને છતાં દુર્લભ મનાતા ધૈર્યનો સચોટ પુરાવો પૂરો પાડે છે. પોતાના પતિ મહાકાસ્યપની બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞામાં અર્ધાંગી તરીકે જોડાઈ તે ધર્મવીર બાઈ તે પ્રતિજ્ઞાને અદ્ભુત રીતે સંપૂર્ણ કરવા સાથ આપે છે. સહ-શયન છતાં પુષ્પમાળાનું ન કરમાવું એ એ લોકોત્તર દંપતીના વિકસિત માનસનું માત્ર બાહ્ય ચિહ્ન છે. મહાકાસ્યપ અને ભદ્દા કાપિલાનીની અલૌકિક બ્રહ્મચર્યપાલનની કથા જૈન કથાસાહિત્યમાં અતિપ્રસિદ્ધ એક વૈશ્ય બ્રહ્મચારી દંપતીની યાદ આપે છે કે જે સહશયન છતાં વચ્ચે ઉઘાડી તલવાર મૂકી આજન્મ બ્રહ્મચર્ય પાલવામાં સફળ થયાં હતાં. એ દંપતીમાં પતિનું નામ વિજય અને પત્નીનું નામ વિજયા હતું. જૈન સમાજમાં એ વિજય શેઠ અને વિજયા શેઠાણીને નામે જાણીતાં છે. પુષ્પમાળાને બ્રહ્મચર્યની કોમળતાનું અને ઉઘાડી તલવારને બ્રહ્મચર્યની કઠોરતાનું રૂપક માની આપણા જેવાએ એ કોમળ અને કઠોર વ્રતને બરાબર સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. બાકી, તેને જીવનમાં ઉતારવા માટે કોઈએ પુષ્પમાળા કે તલવારનો આશ્રય લેવાની કશી જરૂર નથી.

આખ્યાન-૧

યમી—સખાને સખ્ય માટે પસંદ કરું છું. વિશાળ અર્ણવ ઉપર હું આવી છું. યોગ્ય પુત્રનો વિચાર કરતો વેધા પૃથ્વીને વિશે (મારા) વિશે પિતાના નપાત્‌નું (ગર્ભલક્ષણ અપત્યનું) આદાન કરે. (૧)

યમ— હે યમિ ! તારો સખા સખ્યને ઇચ્છતો નથી; શાથી જે સલક્ષ્મા (સમાનયોનિ) તે હોય વિષમરૂપા થાય છે. મહાન અસુરના વીર પુત્રો—દ્યૌને ધારણ કરનારા વિશાળ જુએ છે. (૨)

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

યમી—તે દેવો એક મર્ત્યનું (તારું) આ અપત્ય ઇચ્છે છે. તારું મન મારા વિશે મૂક. જનકપિતા તું તનુમાં પ્રવેશ કર. (૩)

યમ—પહેલાં જે કર્યું નથી (તે કરીએ) ? ઋત બોલનારા અનૃત બોલીએ ? (હું) પાણીમાંનો ગંધર્વ, (તું) પાણીમાની યોષિત્. તે આપણી નાભિ (ઉત્પત્તિસ્થાન) તે આપણું મોટું સગપણ છે. (૪)

યમી—ગર્ભમાં જ આપણને વિશ્વરૂપ, ત્વષ્ટા, સવિતા જનકે દંપતી કર્યાં છે. આનાં વ્રતો (નિયમો) કોઈ લોપી શકતું નથી. આપણુ એને પૃથ્વી અને દ્યૌ ઓળખે છે. (૫)

યમ—પહેલા દિવસને કોણ જાણે છે ? કોણે જોયો છે ? કોણે (તે વિશે) કહ્યું છે ? મિત્રનું, વરુણનું તેજ મહાન છે. હે આહન્તર્ (મર્યાદા તોડનારી) ! પુરુષોને લોભાવવા તું શું બોલે છે ? (૬)

યમી—મને યમીને યમનો કામ થયો છે—એક સ્થાનમાં સાથે સૂવા માટે. જાયાની જેમ પતિને માટે તનુને પ્રકટ કરું. રથના પૈડાની જેમ ગાઢ થઈએ. (અથવા ઉદ્યમ કરીએ, દોડીએ.) (૭)

યમ—દેવોના જે સ્પશો (ચારો) અહીં ફરે છે તે ઊભા રહેતા નથી, આંખ મીંચતા નથી. હે આહન્તર્ (મર્યાદા તોડનારી)! મારાથી અન્યની સાથે શીઘ્રતાથી તું જા. રથના પૈડાની જેમ તેની સાથે ગાઢ થા. (૮)

યમી—આને રાત્રિઓ અને દિવસો આપે. સૂર્યનું ચક્ષુ ફરી ફરી ઉદય પામે. દ્યૌમાં અને પૃથ્વીમાં સમાનબન્ધુ મિથુન થાય (જોડાય). યમી યમનું સગપણને ન છાજતું (કૃત્ય) ધારણ કરે. (૯)

યમ— (એવા) ઉત્તર યુગો આવશે જેમાં સગાંઓ સગાંને ન છાજે એવું કરશે. વૃષભ માટે (વીર્યના એક કરનાર માટે) બાહુને ઓશીકું કર. હે સુભગે ! મારાથી અન્યને પતિ તરીકે ઇચ્છ. (૧૦)

યમી—જ્યારે નાથ ન હોય ત્યારે શું ભાઈ હોય ? જ્યારે નિર્ઋતિ (નાશ) આવે ત્યારે બહેન હોય ? કામથી મૂઢ થઈ હું આ બહુ લવું છું. શરીર વડે મારા શરીરનો સંપર્ક કર. (૧૧)

યમ— હું તારા શરીર સાથે શરીરનો સંપર્ક નહિ કરું. જે બહેનને જાય (સંગ કરે) તેને પાપી કહે છે. મારાથી અન્ય સાથે આનંદ કર. હે સુભગે ! તારો ભાઈ આ ઇચ્છતો નથી. (૧૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યમી—હે યમ ! તું બાયલો છે. તારા મનને અને હૃદયને અમે ન જાણ્યું. કેડનો પટો જેમ જોડાયેલાને, લિંબુજા (વેલી) જેમ વૃક્ષને તેમ તને બીજી આલિંગન કરશે. (૧૩)

યમ—અન્ય તને અને તું અન્યને આલિંગન કર—લિંબુજા જેમ વૃક્ષને. તું તેના મનને ઇચ્છ, તે તારા મનને ઇચ્છે અને પછી સુભદ્ર સંવિત્તિ કર (શુભ સુખ મેળવ). (૧૪)

આખ્યાન–૨

ભગવાન ઋષભદેવના પ્રધાન બે પુત્રો નામે ભરત અને બાહુબલિ (ઓરમાન) હતા. ભરતની સહોદર બહેન બ્રાહ્મી અને બાહુબલિની સહોદર બહેન સુંદરી હતી. બ્રાહ્મીએ લગ્ન ન કર્યું અને દીક્ષા લીધી. સુંદરીને બાહુબલિની સંમતિ મળવા છતાં પણ દીક્ષા લેવામાં ભરતનો નિષેધ આડે આવ્યો, તેથી તે શ્રાવિકા જ રહી.

ઘણા લાંબા કાળની દિગ્વિજય–યાત્રા કરી પાછા ફર્યાં બાદ ભરતે પોતાના બધા સંબંધીઓને મળવાની ઇચ્છા જણાવી. અધિકારીઓ સૌથી પહેલાં સુંદરીને ભરત પાસે લાવ્યા. સુંદરીને અતિકૃશ અને શુષ્કાંગી જોઈ ભરતે અધિકારીઓને આવેશપૂર્વક કહ્યું કે આ સુંદરીની શી સ્થિતિ ? શું રાજભંડારમાં ખાનપાનની, મેવા–મિષ્ટાન્નની, ફળફૂલની કે પરિચારકોની કમી છે ? શું ચિકિત્સકો નથી ? મારી ગેરહાજરીમાં તમે સુંદરીને સૂકવી શત્રુનું કામ કર્યું છે ! અધિકારીઓ બોલ્યા : પ્રભો ! ખજાનામાં કશી કમી નથી, પણ આ સુંદરી તો જ્યારથી આપ દિગ્વિજય માટે ગયા ત્યારથી માત્ર દેહધારણ અર્થે શુષ્ક અન્ન લે છે, અને બધા રસસ્વાદો છોડી ૬૦૦૦૦ વર્ષ થયાં સતત આયંબિલવ્રત કરે છે. જ્યારથી આપે સુંદરીને દીક્ષા લેતાં રોકયાં ત્યારથી સંકલ્પ વડે ત્યાગધર્મ સ્વીકારી એ ગૃહસ્થ છતાં ત્યાગી બની રહી છે. બસ, આટલું જ સાંભળતાં ભરતનો સાચો ક્ષત્રિયઆત્મા જાગી ઊઠ્યો. આહ પ્રમાદ ! ક્યાં અમારા જેવાની વિષયાસક્તિ અને ક્યાં સુંદરીનું તપ ! એટલું કહી તેણે સુંદરીને તેના અભીષ્ટ સાધ્વીપણાના માર્ગે જવા દીધી અને પોતે સુંદરીના તપના મૌન ઉપદેશથી ભાવનાશુદ્ધ થયો.

આખ્યાન–૩

બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિ, જેઓ કૃષ્ણ વાસુદેવના પિતરાઈ થતા, તેઓએ લગ્ન કર્યા વિના જ પોતાની સાથે સગપણ કરેલ રાજપુત્રી રાજીમતીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી દીક્ષા લીધી. અરિષ્ટનેમિનો નાનો ભાઈ રથનેમિ હતો. તે કુમારી રાજીમતીમાં આસક્ત થઈ તેને અનુસરવા લાગ્યો. એનો ભાવ કુમારીએ જાણી લીધો ને તેને સમજાવવા યુક્તિ રચી. મધ અને ઘી મેળવી એકવાર કુમારીએ રાબ પી લીધી અને તરત જ મીંઢળ ઘસીને પી લીધું, જેથી વમન થયું. વિવેકિની એ કુમારીએ રથનેમિને પોતે વમેલ વસ્તુ પી જવા કહ્યું. 'આ તે કેમ પિવાય?' એવો રથનેમિનો ઉત્તર સાંભળી રાજીમતીએ કહ્યું, 'જો એ વમન કરેલ વસ્તુ ત્યાજ્ય હોય તો હું પણ તમારા ભાઈ દ્વારા વમન કરાયેલ જ છું ના?' રથનેમિ સમજ્યો અને ભેખ લઈ ચાલી નીકળ્યો. વિરક્ત રાજીમતીએ પણ તપોમાર્ગ લીધો.

વળી ક્યારેક બીજે વખતે રથનેમિ દ્વારકામાંથી ભિક્ષા માંગી ભગવાન અરિષ્ટનેમિ પાસે જતો હતો. તેવામાં વરસાદ થવાથી તેણે વચ્ચે જ એક ગુફાનો આશ્રય લીધો. સંયોગવશ સાધ્વી રાજીમતી ભગવાનને પ્રણમી પોતાના નિવાસસ્થાને પાછી ફરતી હતી. તે પણ વરસાદથી ભીંજાઈ તે જ ગુફામાં દાખલ થઈ. એ તેજસ્વિની સાધ્વીએ સૂકવવા માટે ભીનાં કપડાં ઉતાર્યાં. એનાં અંગોપાંગ અવલોકી પેલો સાધુ આકર્ષાયો. ભાવપરીક્ષાપટુ એ સાધ્વીએ તે સાધુનું હાર્દ જાણી લઈ નીચે પ્રમાણે ઉપદેશ કર્યો:—

"હું ભોગરાજ—ઉગ્રસેનની પુત્રી છું ને તું અંધકવૃષ્ણિ (સમુદ્રવિજય)-નો પુત્ર છે. આવા ખાનદાન કુળમાં જન્મેલા આપણે ગંધક સર્પ જેવા, અર્થાત્ વમેલ વિષ પાછું ચૂસનારા ન થઈએ. તેથી હે મુને! તું નિશ્ચલ થઈ પોતાના સંયમને આચર. (૮)

"જે જે સ્ત્રીઓ તારી નજરે પડશે તેમાં 'આ સારી છે, પેલી સુંદર છે' એમ વિચારી જો તું તેઓની ઇચ્છા કરીશ તો પવનનો ઝપાટો ખાધેલ અદૃઢમૂળ (ઢીલાં મૂળવાળા) ઝાડની પેઠે અસ્થિરઆત્મા બની જઈશ—કામ-પવનથી કંપી સ્થિરતા ગુમાવી સંસારચક્રમાં ભમીશ." (૯)

"સંયમરત તે સાધ્વીનું સુભાષિત વચન સાંભળી અંકુશથી હાથીની પેઠે તે વચન વડે એ મુનિ રથનેમિ પોતાના ધર્મમાં સ્થિર થયો." (દશવૈકાલિક-સૂત્ર, અધ્યયન બીજું)

આખ્યાન-૪

"શ્રાવિકાઓમાં ઋદ્ધિમતી ભિક્ષુણી ઉપ્પલવણ્ણા શ્રેષ્ઠ છે." એ શ્રાવસ્તિમાં એક શ્રેષ્ઠિકુળમાં જન્મી હતી. એની કાંતિ કમળના જેવી હતી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી તેનું નામ ઉપ્પલવણ્ણા (ઉત્પલવર્ણા) પાડવામાં આવ્યું હતું. એ ઉંમર-લાયક થઈ ત્યારે એના સૌન્દર્યની કીર્તિ સાંભળી ઘણા રાજપુત્રો અને શ્રેષ્ઠિ-કુમારોએ એની માગણી કરી. એના બાપ પર આ એક મોટું સંકટ આવી પડ્યું. છોકરી જો પ્રવ્રજ્યા લે તો આપણે આમાંથી મુક્ત થઈ શકીએ, એવું વિચારી એણે છોકરીને કહ્યું, "તું ભિક્ષુણી થઈશ કે?" આ સાંભળી છોકરીને અત્યંત આનંદ થયો અને એ ભિક્ષુણી થવા માટે તરત જ તૈયાર થઈ. એ રીતે એને ભિક્ષુણી બનાવવામાં આવી.

ક્યારેક ઉપ્પલવણ્ણા સવારના પહોરમાં એક પ્રફુલ્લિત શાલવૃક્ષ નીચે ઊભી હતી. તે વખતે પાપી માર ઉપ્પલવણ્ણામાં બીક તથા લોમહર્ષ (કમકમાટી) ઉત્પન્ન કરવાના અને એને સમાધિમાંથી ભ્રષ્ટ કરવાના હેતુથી ત્યાં આવ્યો અને બોલ્યો, "આ સુપુષ્પિત શાલવૃક્ષ નીચે તું એકલી ઊભી છે. તારા જેવી બીજી સુંદર સ્ત્રી મળવી મુશ્કેલ છે. ગાંડી છોકરી! તને ધૂર્ત લોકોની બીક નથી લાગતી?"

ઉપ્પલવણ્ણા બોલી, "આ ઠેકાણે સેંકડો કે હજારો ધૂર્તો આવે તો–પણ તેઓ મારો એક વાળ પણ વાંકો કરી શકે તેમ નથી. હે માર! જોકે હું એકલી છું, છતાં તારાથી બીતી નથી... મારું મન મારા કાબૂમાં છે. સિદ્ધાંત હું પૂર્ણ રીતે જાણું છું અને હું સર્વબંધનમાંથી મુક્ત થઈ છું. હે માર! હું તારાથી ગભરાતી નથી." (બૌદ્ધસંઘનો પરિચય, પૃ. ૨૬૧)

આખ્યાન–૫

મગધદેશના મહાતીર્થ નામના ગામમાં એક અત્યંત શ્રીમંત બ્રાહ્મણ-કુટુંબમાં મહાકાશ્યપનો જન્મ થયો. એનું નાનપણનું નામ પિપ્પલી હતું. એ મોટો થયો ત્યારે પરણવા માટે એની માએ એની પાછળ તગાદો ચલાવ્યો. આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય અને માતૃપ્રેમ એ બેના સાણસામાં બિચારો સપડાયો. છેવટે એક સોનીને હજાર મહોરો (નિષ્ક) આપી એણે એક સોનાની ઉત્તમ સ્ત્રી–પ્રતિમા બનાવરાવી અને એને વસ્ત્રો, દાગીનાઓ અને ફૂલોથી શણગારી માને કહ્યું, "જો આવી સુંદર સ્ત્રી મળે તો હું પરણું." કાશ્યપ ધારતો હતો કે એવી સુંદર સ્ત્રી મળશે નહિ અને હું અવિવાહિત રહી શકીશ. પણ એની મા ઘણી ખટપટી હતી. એણે આઠ હોંશિયાર બ્રાહ્મણોને એવી સુંદર સ્ત્રીની શોધ માટે દેશોદેશ મોકલી આપ્યા. તે વખતે મદ્રદેશની સ્ત્રીઓ સૌન્દર્ય માટે ઘણી પ્રખ્યાત હતી. તેથી એ બ્રાહ્મણો પહેલા એ દેશના સાગર નામના એક નગરમાં ગયા, અને સુવર્ણપ્રતિમા નદીકાંઠે

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

મૂકી ત્યાં વિશ્રાંતિ લેવા બેઠા. કૌશિક ગોત્રના એક બ્રાહ્મણની દાસી એની (બ્રાહ્મણની) દીકરી ભદ્રાને નવડાવી જાતે નાહવા માટે નદીએ આવી. તે સુવર્ણ-પ્રતિમા જોઈ પોતાના શેઠની દીકરી ત્યાં આવી હોય એવો એને ભાસ થયો અને મોટેથી હાથ ઊંચો કરી બોલી, "અલી એ! એકલી અહીં આવી બેસતાં તને શરમ નથી આવતી?" એ બ્રાહ્મણો બોલ્યા, "આવી જાતની સુંદર સ્ત્રી પણ કોઈ છે?"

દાસી—"તમારી આ પ્રતિમા જડ છે, પણ અમારી ભદ્રા સૌન્દર્યની જીવંત મૂર્તિ છે. આ પ્રતિમા સાથે એની તુલના કેમ કરી શકાય?"

એ બ્રાહ્મણો કૌશિક બ્રાહ્મણને ઘેર ગયા અને 'અમે કાશ્યપના બાપ તરફથી એના છોકરા માટે કન્યા શોધવા નીકળ્યા છીએ અને અમારી ખાતરી છે કે આપની છોકરી કાશ્યપને પસંદ પડશે' વગેરે સર્વ કહ્યું. કાશ્યપનો બાપ કપિલ બ્રાહ્મણ ઘણો પ્રસિદ્ધ હતો, તેથી આવા કુટુંબમાં પોતાની છોકરી જાય એ કૌશિકને ગમતી વાત હતી. બ્રાહ્મણોનું કહેવું એને પસંદ પડ્યું અને એ પ્રમાણે પરસ્પર કુટુંબોમાં પત્રવ્યવહારથી વિવાહ નક્કી થયો.

કાશ્યપની ઉંમર વીસ વર્ષની અને ભદ્રાની સોળ વર્ષની હતી. વિવાહ નક્કી થયાની વાત જાણવામાં આવી કે તરત જ એ બન્નેએ એવા આશયના કાગળ લખી મોકલ્યા કે સંસારમાં રહેવાની મારી ઇચ્છા નથી, તેથી લગ્નપાશમાં બદ્ધ થવાથી નકામો ત્રાસ માત્ર થશે. આ બન્ને કાગળ ભદ્રા તથા કાશ્યપના વાલીઓના હાથમાં આવ્યા અને એમણે એ વાંચીને બારોબાર ફાડી નાખ્યા. "કાચી ઉંમરના છે; ફાવે તે સારોનરસો વિચાર મનમાં લઈ બેસે છે." —એમ એમને લાગ્યું હોય એમાં નવાઈ નથી. એ રીતે મહાકાશ્યપ અને ભદ્રાને ઇચ્છા ન હોવા છતાં લગ્નપાશમાં બદ્ધ કરવામાં આવ્યાં.

એ વખતના રિવાજ પ્રમાણે રાત્રે બન્નેને એક જ શયનગૃહમાં અને એક જ પલંગ પર સૂવું પડતું, પરંતુ બન્નેની વચમાં બે ફૂલના હાર મૂકી ભદ્રા કાશ્યપને કહેતી, "જેના પુષ્પનો હાર કરમાઈ જાય તેના મનમાં કામવિકાર ઉત્પન્ન થયો એમ સમજવું." જ્યાં સુધી મહાકાશ્યના પિતા જીવતા હતા ત્યાં સુધી એ કે ભદ્રા ઘર છોડી શકે તેમ ન હતું, પણ તે ઘરમાં રહેવાથી એમના અખંડ બ્રહ્મચર્યમાં અને ઉદાત્ત પ્રેમમાં કદી પણ ખલેલ પડી નહિ. જ્યારે મહાકાશ્યપનાં માબાપ મરણ પામ્યાં ત્યારે તેણે ભદ્રાને કહ્યું, "તેં પોતાને ઘેરથી આણેલું દ્રવ્ય તથા આ ઘરમાં જે છે તે બધું દ્રવ્ય આજથી તારું છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રા—પણ આપ ક્યાં જાઓ છો ?

કાશ્યપ—હું હવે પ્રવ્રજ્યા લેવાનો છું.

ભદ્રા—આપનો આ વિચાર મને પણ પસંદ છે. હું પણ આપની પાછળ આવું છું.

મહાકાશ્યપ પરિવ્રાજકના વેશમાં ઘરમાંથી બહાર પડ્યો. ભદ્રા પણ એની પાછળ પાછળ પરિવ્રાજિકા થઈ નીકળી પડી. એમના નોકરચાકરોએ તથા માલિકીના ગામમાં રહેનારી રૈયતે એમને ઓળખી કાઢ્યાં અને પાછા ફરવા માટે અતિશય આગ્રહ કર્યો, પણ મહાકાશ્યપનો વિચાર જરા પણ ડગ્યો નહિ. ગામથી કેટલેક દૂર ગયા પછી એણે ભદ્રાને કહ્યું, "ભદ્રા ! તારા જેવી સુંદરી સ્ત્રી મારી પાછળ પાછળ આવતી જોઈ, પ્રવ્રજ્યા લીધી તોપણ આ બન્નેનો ઘરસંબંધ તૂટ્યો નથી, એવી કુકલ્પના લોકોના મનમાં આવે એવો સંભવ છે. આવા વિકારમય વિચારોને માટે આપણે કારણભૂત કેમ થવું ? ચાલ, આ બે રસ્તા જુદા પડે છે, તું એક રસ્તે જા અને હું બીજે રસ્તે જઈશ."

ભદ્રા—આપ કહો છો તે ઠીક છે. આપ મોટા છો, તેથી આપ જમણે રસ્તે જાઓ અને હું ડાબે રસ્તે જઈશ. (બૌદ્ધસંઘનો પરિચય, પૃ. ૧૯૦)

—જૈનયુગ, જ્યેષ્ઠ ૧૯૮૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org